(ISSN : 2321-2853)

65

# International Journal of Research in all Subjects in Multi Languages (IJRSML)

Vol. 4, Issue 5, May :2016

Editor-In-Chief
RET Academy for International Journals of Multidisciplinary Research (RAIJMR)
www.raijmr.com

# International Journal of Research in all Subjects in Multi Languages (IJRSML)

ISSN: 2321-2853

Vol. 4, Issue: 5, May: 2016



| Sr. | Contents | Pg. No. |
|---|---|---|
| 1 | ધોરણ 8ના ગણિત વિષયમાં 'બેન્ક' એકમ પર નાટ્યીકરણ કાર્યક્રમની રચના અને અજમાયશ<br>*જીજ્ઞાશાબેન જે. મિસ્ત્રી* | 1-4 |
| 2 | To study the Personality factor of Juvenile offenders<br>*Shailesh A. Ratnotar* | 5-8 |
| 3 | બી.એડ્. અને એમ. એડ્.નો બે વર્ષનો સમયગાળો<br>*ભાવના સી. પટેલ* | 9-15 |
| 4 | દલિતવાર્તા સૃષ્ટિ : સંપાદક મોહન પરમાર<br>*ડૉ. કલ્પના બચુભાઈ ગાંવિત* | 16-21 |
| 5 | ધોરણ ૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા લેખનમાં થતા જોડણીદોષોનું નિદાન અને ઉપચાર કાર્યની અસરકારકતાનો અભ્યાસ<br>*જાગૃતિ આર. પટેલ* | 22-24 |
| 6 | तुलसी के राम<br>*डॉ. भरतकुमार एन. सुथार* | 25-28 |
| 7 | देवगढ़बारिया राज्य का सांस्कृतिक योगदान<br>*डॉ. राजेश कोठारी* | 29-36 |
| 8 | વડોદરા જિલ્લામાં ગુણોત્સવ 05માં નિમ્ન શૈક્ષણિક સિદ્ધિસ્તર ધરાવતી શાળાઓમાં કરેલ ઉપચારાત્મક કાર્યની અસરકારકતાનો અભ્યાસ<br>*ડૉ. રૂપમ બી. ઉપાધ્યાય* | 37-42 |

**Dr. Kalpana Bachubhai Ganvit**
**[Gujarati Department]**
**Associate Professor**
**G.D.Modi college of Arts,**
**Palanpur.**
**Dist:- Banaskantha**
**North Gujarat**

## દલિતવાર્તા સૃષ્ટિ : સંપાદક મોહન પરમાર

ગુજરાતમાં દલિતસાહિત્ય અંગેની સભાનતા મહારાષ્ટ્રને અનુસરીને આવી આમતો ગુજરાતી દલિત સાહિત્ય નો ઉદ્‌ભવ ઈ.સ. ૧૯૭૫ની આસપાસ થયો. જો કે, ગુજરાતી દલિત સાહિત્યની ખરી શરૂઆત ૧૯૮૧ થી ૧૯૮૫ ના બે અનામત વિરોધી આંદોલનોથી થઈ ગણાય. ગુજરાતી દલિત સાહિત્યની આજ, ગઈકાલ કરતાં કંઈક અંશે પરિપક્વ લાગે છે. દલિત સાહિત્ય ને પગભર કરવા મથતા સર્જકોની વિચારધારા બહુ પરિણામ લક્ષી રહી છે. દલિતોના દુ:ખદર્દો, વેદના અને આક્રોશ સામે સાહજિક પણે ઉભું થયેલું આંતરવિશ્વ દલિત સાહિત્યની આવતીકાલને સુદ્દઢ બનાવવા માટે પૂરતું છે.

૧૯૮૭ માં ગુજરાતી દલિતવાર્તા ના સંપાદન પછી ગુજરાતી સાહિત્યમાં દલિતવાર્તાનાં જે પગરણ મંડાયા તે અનન્ય અને અમૂલ્ય છે. સામાજિક મૂલ્યોને પ્રસ્થાપિત કરી તેના ગોપિત અંશોને પ્રકાશમાં લાવવાનું કામ પણ દલિતવાર્તા એ કર્યું છે. દલિત સમાજના રિતરિવાજો, રહેણી કરણી અને આશા અરમાનોનું એક જુદુજ વિશ્વ છે. આ વિશ્વનું સર્જન કરીને પણ દલિતવાર્તા અન્યાયો સામે આક્રોશ અને વિદ્રોહને સૂક્ષ્મ સ્વરૂપે પ્રગટ કરી શકે છે. આમ, ગુજરાતી દલિતવાર્તા જુદી જુદી દિશાઓમાં વિસ્તરી રહી છે. દરેક વાર્તાકારો પોતપોતાની રીતે દલિતવાર્તાને સમૃધ્ધ કરવામાં પ્રવૃત્ત છે.[૧]

અહીં મેં આ શોધ નિબંધમાં અનુઆધુનિક યુગના ગુજરાતી દલિત સાહિત્યના શ્રેષ્ઠ સર્જક શ્રી મોહન પરમાર સંપાદિત દલિત વાર્તા સૃષ્ટિ વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

ગુજરાત મેરીટાઈમબોર્ડમાં વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી મોહન પરમાર વાર્તાકાર, નવલકાર, નાટ્યકાર, વિવેચક, સંપાદક તરીકે ગુજરાતી સાહિત્યમાં સુપ્રતિષ્ઠિત છે. શ્રી મોહન પરમારનું વાર્તાક્ષેત્રે નોંધપાત્ર સ્થાન છે. મોહન પરમાર ટૂંકીવાર્તા સાથે લોહીના નાતે જોડાય છે. ગુજરાતી વાચકોએ તેમને સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી તથા સાહિત્ય સંસ્થાઓએ તેમને વિવિધ પુરસ્કારો આપી નવાજ્યા છે.

શ્રી મોહન પરમારે આ સંપાદનમાં ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ દલિતવાર્તાકારો સર્વશ્રી જોસેફ મેકવાન, પ્રવિણ ગઢવી, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર, રાઘવજી માધડ, દલપત